જન્મદિને વધામણી

ચેતનભાઈ પટેલ
અગ્રણી બિલ્ડર, ગાંધીનગર
મો. ૯૮૨૮૫૦ ૧૮૦૩૯

પ્રતિભા દવે

પ્રિયંકા આર ચુડાસમા
મો. ૯૮૨૫૯ ૫૫૦૦૯

માયાબેન જે ચુડાસમા
મો. ૯૪૦૮૬ ૭૭૦૮૦

અરિહંત સ્કૂલ ઑફ ફાર્મસી ખાતે

રાજ્યકક્ષાની પોસ્ટર મેકિંગ સ્પર્ધા યોજાઈ

રાજ્યની ફાર્મસી કૉલેજના ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં જોડાયા



ગાંધીનગર, તા. ૮

અરિહંત સ્કૂલ ઑફ ફાર્મસી ઍન્ડ બાયો રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ, અડાલજ ખાતે રાજ્યકક્ષાની પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન શુક્રવારે કરવામાં આવ્યું હતું.

ફાર્માસ્યુટિકલ સાયન્સ વિષય પર ઍમક્યોર ફાર્માસ્યુટીકલ્સના સહયોગથી આયોજિત આ સ્પર્ધામાં રાજ્યની ફાર્મસી કૉલેજના ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા.

આ કાર્યક્રમમાં બીફાર્મ તેમજ ઍમફાર્મના વિદ્યાર્થીઓ માટે અરિંહત કૉલેજમાં કાર્યરત ઍમક્યોર ફાર્માના આર ઍન્ડ ડી સૅન્ટરમાં ઍચડીઍલસી ઇન્સ્ટ્રુમેન્ટની ઑનહેન્ડ ટ્રેનિંગનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના સમાપનમાં મુખ્ય અતિથિ તરીકે ઍમક્યોર ફાર્માના સિનિયર રિસર્ચ ડિરેક્ટર ડૉ. દિપક ગોંડલિયા, અતિથિ વિશેષપદે નશાબંધી અને આબકારી ખાતું, ગુજરાત રાજ્યના સુપ્રિટેન્ડન્ટ ઑફ પોલીસ આર ઍમ વસાવા તેમજ ડેપ્યુટી ડિરેક્ટર ઍમ ડી પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે નશાબંધી અને આબકારી ખાતાના ઉપક્રમે નશાબંધી સપ્તાહ કાર્યક્રમ અંતર્ગત પેઇન્ટિંગ, રંગોળી અને મહેંદી સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ધારા-પ્રિન્સી ગૃપ અને ઇશાની-સ્નેહલ ગૃપ, રંગોળી સ્પર્ધામાં રાહુલમહેતા-રિતિકા સિંઘ, પેઇન્ટિંગ સ્પર્ધામાં, પેઇન્ટિંગમાં દૃષ્ટિ અને ખુશ્બુ, મહેંદી સ્પર્ધા, વૉલ પેઇન્ટિંગમાં આયેશા-આંચલ ગૃપ અને રીતિકા-માનસી ગૃપ અનુક્રમે વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં.

પોસ્ટર સ્પર્ધામાં ફાર્માકોલોજીમાં નિષ્કૃતિ મહેતા, પ્રિયંકા શુક્લા, ફાર્માસ્યુટીક્સમાં ઉર્વશી પ્રજાપતિ, ખુશી ધારુ, ફાર્મા એનાલિસીસમાં વિધિ કોટડિયા, આંચલ જૈન તેમજ ફાર્માડાયગ્નોસિસમાં એલીશા પટેલ અને ધ્વનિ પટેલને અનુક્રમે વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં.

કાર્યક્રમના પૂર્ણાહુતિ પ્રસંગે પ્રિન્સિપાલ ડૉ. ડી ઍમ પટેલ અને કાર્યક્રમ સંયોજક ડૉ. હિરલ પંચાલે સ્પર્ધકો તથા સહયોગી સંસ્થા તરફ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

ડાયરેક્ટ ❤ સે
આપણને કોઈ શોધી લેશે
એવું જાણતાં હોઈએ
ત્યારે ખોવાઈ જવાની
મજા જ કંઈ ઓર હોય છે

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૨
ઍમ ઍસ ધોની
૩.૩૦, ૯.૩૦
મિઝ્યૉ
૧૨.૪૫, ૭.૦૦

સ્ક્રીન-૩
મિઝ્યૉ
૪.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૪
ડેઝ ઑફ તફરી
૧૨.૪૫
પિન્ક
૭.૦૦

સ્ક્રીન-૫
મિઝ્યૉ
સવારે ૧૦.૦૦
તુતક તુતક તુતિયા
૧૨.૪૫, ૩.૪૫
૬.૪૫, ૯.૪૫

હરેકૃષ્ણ મંદિર, ભાડજ ખાતે મંગળવારે દશેરા પર્વ ઉજવાશે

ગાંધીનગર, તા. ૮

હરેકૃષ્ણ મંદિર, ભાડજ ખાતે તા ૧૧ ઓક્ટોબર,૨૦૧૬ મંગળવારના રોજ દશેરા મહોત્સવની ઉજવણી થઈ રહી છે. નવરાત્રી એ સળંગ નવ દિવસ ઉજવાતો તહેવાર છે અને નવ દિવસના અંતે દશમા દિવસને ખૂબ

જ કલ્યાણકારી દિવસ વિજયાદશમી કે દશેરા ઉત્સવ તરીકે ઉજવવામાં આવે છે. દશેરા ઉત્સવ એ ભગવાન શ્રીરામ ની રાવણ સાથે થયેલ લડાઈમાં ભગવાન શ્રીરામની થયેલ જીતને પ્રતિક તરીકે રૂપી માની ઉજવવામાં આવે છે. રાવણ રાક્ષસ એ દસાનન (દસ મસ્તકવાળા માનવ) તરીકે પણ પ્રચલિત હતો. નવરાત્રી તહેવારના આ વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને હરેકૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા આ ઉત્સવની ખૂબ જ મોટા પાયે ધામધૂમથી ઉજવણી થઈ રહેલ છે. દશેરા મહોત્સવ સંધ્યાસમય ૬.૩૦ થી શરૂ થઈ રાત્રીના ૯.૦૦ વાગ્યા સુધી ઉજવાશે. શ્રી શ્રી રાધામાધવ કે જેઓ હરેકૃષ્ણ મંદિર,ભાડજમાં બિરાજમાન થયેલ છે તેઓને સુંદર અને વિશેષ અંલકારથી સુશોભિત કરવામાં આવશે. ભગવાન શ્રીરામના દરબાર માટે મંદિરના પ્રાંગણમાં ખાસ પૂષ્પોથી શણગારેલ ભવ્ય મંડપનું નિર્માણ કરવામાં આવનાર છે જે આ ઉત્સવની ખાસ કરીને નોંધપાત્ર વિશેષતા બની રહેશે.

સર્વ શકિતમાન શ્રી શ્રી રાધામાધવને ભવ્ય પાલકીમાં મંદિરની પરિસર ફરતે જાજરમાન સવારીમાં વિહાર કરાવવામાં આવશે જેમાં ભકતો ભગવાન શ્રી રામના ગુણોનું રટણ કરતા સંકિર્તન ગાઈ જોડાશે તેમજ શ્રીરામલીલામાં જે.જી.કોલેજ ઓફ પર્ફોર્મીંગ આર્ટસ દ્વારા " પૌલત્સ્ય વધ, રાવણનો વિનાશ" નું વર્ણન કરતું નૃત્યનાટક ભજવવામાં આવશે.

દશેરા ઉત્સવ દરમ્યાન ઘણી ધીરજ દાખવ્યા બાદ ઉત્સવના અંતભાગ દરમ્યાન વિશેષ આકર્ષણના ભાગરૂપે ૫૦ ફુટ જેટલા ઉંચા અને મહાકાય રાવણ અને કુંભકર્ણના પૂતળાનું દહન કરવામાં આવશે. જે સત્યની અસત્ય પરની વિજયના પ્રતિકનું નિર્દેશ કરે છે. ઉત્સવના અંતમાં ભગવાન શ્રી રામચંદ્રજી અને સીતાજી તથા શ્રી શ્રી રાધા માધવની ભવ્ય મહામંગલા આરતી કરવામાં આવશે.

કોલવડા વિદ્યાલય ખાતે ગરબાનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૮

બાશ્રી ચંચળબા પ્રતાપસિંહજી ગોબરભા વાઘેલા પ્રાથમિક વિદ્યામંદિર તથા કે. કે. પટેલ વિદ્યાલય, કોલવડા ખાતે ભવ્ય નવરાત્રી રાસ ગરબાનું આયોજન શાળાના વડા શ્રીમતી ભાવનાબા વાઘેલાના માર્ગ દર્શન હેઠળ બાળકોમાં આધ્યાત્મિક ગુણ કેળવાય તથા ધર્મ શિક્ષણ મળે તે હેતુસર નવરાત્રી રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યુ હતું જેમા કે.જી,થી ધોરણ ૧૨ (H.S.C) ના ૮૦૦ વિધાર્થી ભાઇ બહેનો ટ્રેડીશનલ ડ્રેસ માં સજ્જ થઇને માં અંબાની આરતી, સ્તુતિ થાળ તથા પુજન કરવામાં આવ્યુ હતું વિદ્યાર્થી ભાઇ બહેનો તથા શાળા પરિવારનો સમગ્ર સ્ટાફ ગરબાની રમઝટમાં જોડાયો હતો બાળકોને બેસ્ટ ડ્રેસ, બેસ્ટ એકસન ,બેસ્ટ પરર્ફોમન્સ અંગેપ્રાથમિક તથા માધ્યમિક , ઉચ્ચ. માધ્યમિક વિભાગોમાં બાળકોને ઇનામો આચાર્યશ્રીના હસ્તે આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નારાયણભાઇ બી. પટેલ તથા નીરૂબેન શ્રીમાળી (પ્રાથમિક આચાર્યશ્રી) તથા નિર્ણાયક તરીકે ધનંજયભાઇ પટેલ તથા પ્રવિણાબેન પ્રજાપતિએ કામગીરી બજાવી હતી અને સમગ્ર સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

લિંબોદરા હાઈસ્કૂલનો ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં સુંદર દેખાવ

ગાંધીનગર, તા. ૮

તાલુકા કક્ષા કલોલ વિભાગ (સુંદરમ)નો ગણિત-વિજ્ઞાન પ્રદર્શન કાર્યક્રમ ડીંગુચા ખાતે યોજાયો હતો.

આ પ્રદર્શનમાં વિભાગ-૨માં 'ભાર વહનનું સાદું યંત્ર' કૃતિ તાલુકા કક્ષાએ પસંદગી પામતા હવે તે જિલ્લા કક્ષાએ પ્રદર્શનમાં મુકાશે. ઉપરોકત વિજેતા કૃતિને શ્રી પ્રબોળ પોપટલાલ રવચંદ શાહ હાઈસ્કૂલના વિજ્ઞાન શિક્ષક મહેશભાઈ ચૌહાણે તૈયાર કરી હતી જયારે શાળાના આચાર્ય તેજસિંહ પરમારે અભિનંદન પાઠવ્યા હતા.

આર.જી. પટેલ કન્યા શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાનો એસ.વી.એસ. કક્ષાનો વિજ્ઞાન મેળો આલમપુર ખાતે યોજાયો હતો. જેમાં આર. જી. પટેલ કન્યા શાળાની કૃતિઓ જિલ્લા કક્ષાએ પસંદગી પામી હતી.

આ વિજ્ઞાન મેળામાં ગાંધીનગરની આર.જી. પટેલ અને એસ.બી. પટેલ કન્યા વિદ્યાલયની ઉચ્ચતર માધ્યમિક વિભાગની કુલ છ કૃતિઓ જુદા જુદા વિભાગમાં રજુ થઈ હતી. જેમાં સ્વાસ્થ્ય વિભાગ અને ખાદ્ય સુરક્ષા વિભાગમાં જિલ્લા કક્ષાએ પસંદગી પામી હતી. કૃતિઓ તૈયાર કરનાર વિદ્યાર્થીનીઓ ધ્રુવી પનારા, પ્રિયા પટેલ, નિધિ પ્રજાપતિ અને પૂજા પટેલ તેમજ માર્ગદર્શક શિક્ષક અનિલ પટેલ અને વિશ્વાસ શાહને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

લાયન્સ ક્લબના યજમાનપદે 'બાળુડાના ગરબા'નું ભવ્ય આયોજન

માનસિક-શારીરિક વિશિષ્ટ વ્યક્તિઓને સમાજ સાથે જોડવા અર્થે સતત બાર વર્ષથી યોજાતો આ કાર્યક્રમ આ વખતે એક જ નવરાત્રીમાં બે વખત યોજાયો

ગાંધીનગર, તા. ૮

ગ્રો ફાઉન્ડેશન, સાધના, જી ઈ ક્લબ અને સહયોગી સંસ્થાઓ દ્વારા આયોજિત માનસિક-શારીરિક વિશિષ્ટ વ્યક્તિઓ માટેના ખાસ ગરબા મહોત્સવ 'બાળુડાના ગરબા'એ આ વર્ષે નવો રેકર્ડ કાયમ કર્યો છે. સામાન્યતઃ આ કાર્યક્રમ એક નવરાત્રી દરમ્યાન એક વખત યોજાતો હોય છે, પરંતુ આ વખતે એક જ નવરાત્રી દરમ્યાન આ કાર્યક્રમ બે વખત યોજાયો છે.

શુક્રવારે સાંજે લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગરે આ કાર્યક્રમની યજમાની કરીને આ રેકર્ડ કાયમ કરવામાં કાર્યક્રમને સફળતા અપાવી હતી. લાયન્સ ક્લબ ઉપરાંત લિઓ ક્લબ, લાયોનેસ ક્લબ, કિપ સ્માઈલિંગ ગૃપ, મલ્હાર ગૃપ અને બ્લ્યૂ બબલ્સ ઍકેડમીનાં સભ્યોએ પણ આ કાર્યક્રમમાં જોડાઈને બાળુડાઓ સાથે ગરબા રમવાનો આનંદ માણ્યો હતો. કાર્યક્રમમાં સૌથી વધુ રંગ રાખ્યો હતો માઉન્ટ કાર્મેલ સ્કૂલ, પ્રેરણા વિદ્યાલય અને અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આટ્સ કૉલેજનાં વિદ્યાર્થીઓએ. બાળુડાઓને બરાબર ગરબામાં સાથ આપીને આ વિદ્યાર્થીઓએ ગરબા ગ્રાઉન્ડને ભર્યું-ભર્યું ને જીવંત બનાવી દીધું હતું. એમાંય પ્રેરણા વિદ્યાલય અને શ્રી પી કે ચૌધરી આટ્સ કૉલેજનાં વિદ્યાર્થીઓ ઉપરાંત અધ્યાપકોએ પણ ગરબા રમવામાં સાથ આપીને સમાજસેવાનું એક રૂડું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

આ પ્રસંગને દીપાવવા માટે રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન, ગુજરાતના જોઈન્ટ ડિરેક્ટર ડી ઍસ પટેલ, જિલ્લા સમાજસુરક્ષા અધિકારી મનોજ બલાત, લાયન્સ ક્લબના પૂર્વ પ્રમુખ હરીશ ત્રિવેદી, શિરીષ મોદી, ડી પી ત્રિવેદી, વર્તમાન પ્રમુખ નિમેષ રાવલ, પ્રૉજેક્ટ ચૅરમૅન મમતા રાવલ, સૅક્રેટરી પદમસિંહ ચૌહાણ, લાયોનેસ પ્રમુખ દેવલબેન જોષી, લિયો પ્રમુખ કથન ત્રિવેદી, માઉન્ટ કાર્મેલ સ્કૂલનાં પ્રિન્સિપાલ સિસ્ટર રેણૂકા, સિસ્ટર યુનિસીઆ, સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટના પ્રમુખ જીલુભા ધાધલ, પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના ટ્રસ્ટી યુવરાજસિંહ વાઘેલા, મહાનગર પાલિકાના કૉર્પોરેટર રાકેશ પટેલ, ઍડવોકેટ અને ઍક્ટિવિસ્ટ અશ્વિન ત્રિવેદી, સિનિયર કલાકાર હસમુખ મૅકવાન પ્રૉફેશનલ ફોટોગ્રાફર્સ ગૃપ, ગાંધીનગરના અગ્રણી નિલેષ પુજારા, વ્યસનમુક્તિ અભિયાનના પ્રણેતા વિજયસિંહ માજીરાણા, કલા-સેવાપ્રેમી નાગરિક રાજેશભાઈ ત્રિવેદી અને પરિવાર, લાયન્સ પરિવારના અનિલ પ્રજાપતિ, નટુભાઈ સોલંકી, મોહનભાઈ પરમાર, મહેન્દ્રભાઈ પરમાર, મૌલિક ચૌધરી, લાયોનેસ મીનાક્ષીબેન જયસિંઘાની, પ્રજ્ઞા ગજ્જર, મિત્તલ રાણા, લિયો મૅમ્બર મોહિત જયસિંઘાની, આકાશ, હિરેન, વિવેકસિંહ ચૌહાણ અને સેવાપ્રેમી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. વિશિષ્ટ વ્યક્તિઓને સમાજની નજદીક લાવવાના આ પ્રયાસમાં માનવસ્મૃતિ શાળા, સરગાસણ, સમર્પણ મૂક-બધિર શાળા, સેક્ટર-૨૮, અંધ શાળા, સેક્ટર-૧૬, સદ્‌ભાવ માનસિક સ્વાસ્થ્ય કેન્દ્ર, સેક્ટર-૧૩, સ્મૃતિવિકાસ શાળા, પ્રાંતિયા, હેત ફાઉન્ડેશન, સૅક્ટર-૭, સંવેદન, સેક્ટર-૬ ઉપરાંત ગાંધીનગર જિલ્લામાં વસતા વિશિષ્ટ વ્યક્તિઓ, તેમના પરિવારજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રૉફેશનલ ફોટોગ્રાફર્સ ગૃપના સભ્યોએ આ વિશિષ્ટ કાર્યક્રમમાં ફોટોગ્રાફી કરીને કાર્યક્રમની યાદોને અમર બનાવવામાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

જિલ્લાના વિશિષ્ટ ખેલવીરનું સન્માન

માણેકપુર ગામનો વતની માનસિક વિશિષ્ટ ખેલાડી વિશાલ વિષ્ણુજી ઠાકોર તાજેતરમાં ભુવનેશ્વર ખાતે આયોજિત રાષ્ટ્રકક્ષાની સ્પેશિયલ ઑલિમ્પિક્સમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરીને આવ્યો છે અને સૉફ્ટબૉલની સ્પર્ધામાં તેણે સિલ્વર મૅડલ પ્રાપ્ત કર્યો છે. ગાંધીનગરનું નામ રોશન કરનાર વિશાલ 'બાળુડા ગરબા' કાર્યક્રમનો અતિથિ બન્યો હતો અને લાયન્સ ક્લબ દ્વારા આ સિદ્ધિ બદલ તેનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન, ગુજરાતના જોઈન્ટ ડિરેક્ટર ડી ઍસ પટેલ, લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગરના પ્રમુખ નિમેષ રાવલ, પ્રૉજેક્ટ ચૅરમૅન મમતા રાવલના હસ્તે વિશાલને આ સન્માન 'બાળુડાના ગરબા' કાર્યક્રમ અંતર્ગત એનાયત કરવામાં આવ્યું ત્યારે સૌ બાળુડા-ખેલૈયાઓએ તેને તાળીઓથી વધાવી લીધો હતો.